# ખેડા જીલ્લા પોલીસ સાફલ્યગાથા

# (અઠવાડિક તા.૧૭/૦૭/૨૦૧૭ થી તા.૨૩/૦૭/૨૦૧૭)

# એલ.સી.બી. ખેડા-નડીયાદ

## સેવાલીયા પો.સ્ટે. ખાતેથી જુગાર રમતા કુલ ૦૯ જુગારીયાઓને ઝડપી પાડી ગણનાપાત્ર કેસ કરતી એલ.સી.બી. ખેડા નડીયાદ પોલીસ પ્રેસ નોટ તા.૧૭/૦૭/૨૦૧૭

શ્રી મનિન્દર સિંહ પવાર પોલીસ અધિક્ષકશ્રી ખેડા-નડીયાદ નાઓએ જીલ્લામા કાયદો અને વ્યવસ્થાની જાળવણીના ભાગરૂપે દારૂ- જુગારની પ્રવુત્તિ નેસ્ત નાબુદ કરવા માટે પરીણામલક્ષી કામગીરી કરવા ખાસ સુચના કરેલ હોય જે અનુસંધાને વી.જે.રાઠોડ પો.ઇન્સ.એલ.સી.બી નાઓની સુચના મુજબ એલ.સી.બી.સ્ટાફના અહેડકો. દિનેશભાઇ, પો.કો. ધર્મપાલસિહ પો.કો. ભગવાન, પો.કો. અમરાભાઇ, પો.કો. ફિરોજખાન વિગેરે પોલીસ માણસો ઠાસરા - સેવાલીયા પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા દરમ્યાન હેડકો. દિનેશકુમાર નાઓને મળેલ બાતમી હકીકત આધારે સેવાલીયા ચોકડી જુમ્મા મસ્જીદ સામે જાહેરમાં ખુલ્લી જગ્યામાં રેઇડ કરતા પત્તા પાના પૈસા વડે હારજીતનો જુગાર રમતા કુલ ૦૯ ઇસમો (૧) દિપક ભરતભાઇ ધોબી (૨) મોહસીનભાઇ મહંમદહનીફ કુરેશી (૩) અશોક ઉર્ફે ધોકો વર્ધાજી મારવાડી (૪) કૈયુમભાઇ આદમભાઇ વોરા (૫) આરીફભાઇ અનવરભાઇ વોરા (૬) યાસીન ગુલામનબી વોરા (૭) ઇરફાન ઉર્ફે પ્યારે સીરાજભાઇ વોરા (૮) સંજયભાઇ સુરેશભાઇ મારવાડી (૯) મુસ્તાકભાઇ મહંમદભાઇ મન્સુરી તમામ રહે. સેવાલીયા નાઓને સ્થળ ઉપરથી રોકડ રૂ. ૩૫,૬૮૦/- તથા મોબાઇલ નંગ-૮ કીંમત રૂ.૫,૫૦૦/- મળી કુલ્લે રૂ.૪૧,૧૮૦/- ના જુગાર રમવાના સાધનો સાથે મળી આવી પકડાઇ ગયેલ હોય તમામ વિરૂદ્ધ સેવાલીયા પો.સ્ટે. જુગારા ધારા કલમ ૧૨ મુજબ પો.કો. ફિરોજખાન નાઓએ ફરીયાદ આપેલ છે. આગળની વધુ તપાસ અ.હેડકો. દિનેશભાઇ રામસિંહ એલ.સી.બી. ખેડા-નડીયાદ નાઓ કરી રહેલ છે.



<u>ચોરીના વાહન સાથે કૂલ -૩ વાહનચોરોને ઝડપી પાડતી એલ.સી.બી ખેડા-નડીયાદ</u>

<u>તા.૧૭/૦૭/૨૦૧૭</u>

શ્રી મનિન્દર પ્રતાપસિંહ પવાર પોલીસ અધિક્ષક ખેડા-નડીયાદનાઓએ જીલ્લામા મિલકતસબંધી / ઘરફોડ ચોરી / વાહનચોરીના બનાવો બનતા અટકાવવા તથા બનેલ બનાવો શોધી કાઢવા આપેલ સુચનાની અમલવારીના ભાગરૂપે એલ.સી.બી. પી.આઇ. શ્રી વી.જે.રાઠોડ સાહેબ નાઓએ પોતાના સ્ટાફને કરેલ સુચના મુજબ એલ.સી.બી સ્ટાફના અ.હેડકો. રતેસિંહ લક્ષ્મણસીંહ , અ.પો.કો.વિનોદકુમાર નામદેવ તથા આ.પો.કો.ચંદ્રસિહ જિતેંદ્રસિહ્ તથા અ.પો.કો ચિંતનકુમાર મુકેશભાઇ તથા ગીરીશભઈ અંબાલાલ વિગેરે નાઓ નડીયાદ ડાકોર તરફ જતા રોડ ઉપર અલીન્દ્રા ચોકડી પાસે વાહન ચેકીંગમા હાજર હતા. દરમ્યાન સાથેના પો.કો વિનોદકુમારનાઓને બાતમી હકીકત આધારે નંબર વગરની અતુલ શક્તિ લોડીંગમાં (૧) રિક્ષાની ડ્રાઇવર શીટ પર બેઠેલ ઇસમ મીનહાઝ ઉર્ફે આશીફ ઉમરગની વ્હોરા રહે. સોજીત્રા ચાર કુવાની ભાગોળ તા. સોજીત્રા જી. આણંદ (૨) જયેશભાઇ ઉર્ફે લખો લાભશંકર ઉપાધ્યાય રહે. સોજીત્રા ડભોઉવાળી ભાગોળ તા. સોજીત્રા જી. આણંદ (૩) સીરાજભાઇ ઉર્ફે રંગીલો મહંમદભાઇ વ્હોરા રહે. સોજીત્રા મોટા બજાર માર્કેટ પાસે તા. સોજીત્રા જી. આણંદ નાઓને રોકી સદર ઇસમો પાસે અતુલ શક્તિ લોડીંગ રિક્ષાના રજીસ્ટ્રેશન કાગળો બાબતે કોઇ સંતોષકારક જવાબ આપેલ નહી જેથી સદર અતુલ શક્તિ લોડીંગ રિક્ષા પોતે ચોરી અગર છળકપટથી મેળવેલ હોવાનુ જણાતા સદર નંબર વગરની અતુલ શક્તિ લોડીંગ રિક્ષાનો ચેચીસ.નંબર. MCGOASDPVK1660519 તથા એન્જીન.નંબર -S6J8625247 જેની અંદાજીત કી.રૂ.૨,૦૦,૦૦૦/- તથા સદર ત્રણેય ઇસમોની ની અંગજડતી મળી આવેલ રોકડા રૂ.૧૩૫૦/ તથા મોબાઇલ ફોન નંગ-૨ કિ.રૂ.૧૦૦૦/ તથા અતુલ શક્તિ લોડીંગ રિક્ષા કિ.રૂ.૨,૦૦,૦૦૦/- ગણી કુલ્લે ૨,૦૨,૩૫૦/- નો મુદ્દામાલ મળી આવેલ હોય સદર ઇસમોને સી.આર.પી.સી. કલમ ૪૧(૧)ડી મુજબ પકડી અટક કરી સદર અતુલ શક્તિ લોડીંગ રિક્ષા સી.આર.પી.સી.કલમ.૧૦૨ મુજબ કબજે કરવામાં આવેલ.

ઉપરોક્ત ઇસમોની સઘન પુછપરછ કરતા સદર નંબર વગરની અતુલ શક્તિ લોડીંગ રિક્ષા કિ.રૂ. ૨,૦૦,૦૦૦/- ની સોજીત્રા ખાતે આવેલ ગોલવાડ પાસેથી સદરી ત્રણેય ઇસમોએ આજથી આશરે પાંચેક દિવસ પહેલા ચોરી કરેલાની કબુલાત કરતા હોય જે અંગે ખરાઇ કરતા સોજીત્રા પોસ્ટે <u>ફ.ગુરનં ૩૬/૧૭ ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબનો ગુનો રજી. થયેલ જે</u> અનડિટેકટ ગુનો એલ.સી.બી. દ્વારા શોધી કાઢવામા આવેલ છે.



## મહુધા પો.સ્ટે. ખાતેથી જુગાર રમતા કુલ ૧૦ જુગારીયાઓને ઝડપી પાડી ગણનાપાત્ર કેસ કરતી એલ.સી.બી. ખેડા નડીયાદ પોલીસ પ્રેસ નોટ તા.૧૮/૦૭/૨૦૧૭

શ્રી મનિન્દર સિંહ પવાર પોલીસ અધિક્ષકશ્રી ખેડા-નડીયાદ નાઓએ જીલ્લામા કાયદો અને વ્યવસ્થાની જાળવણીના ભાગરૂપે દારૂ- જુગારની પ્રવુત્તિ નેસ્ત નાબુદ કરવા માટે પરીણામલક્ષી કામગીરી કરવા ખાસ સુચના કરેલ હોય જે અનુસંધાને વી.જે.રાઠોડ પો.ઇન્સ.એલ.સી.બી નાઓની સુચના મુજબ એલ.સી.બી.સ્ટાફના અહેડકો. રતેસિંહ, પો.કો. વિનોદકુમાર, પો.કો. ગીરીશભાઇ, પો.કો.ચિંતનકુમાર પો.કો. ચંન્દ્રસિંહ વિગેરે પોલીસ માણસો મહુધા પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા દરમ્યાન પો.કો. વિનોદકુમાર નાઓને મળેલ બાતમી હકીકત આધારે મહુધા ડડુસર રોડ પર આવેલ ચબુતરાની પાસે જાહેરમાં ખુલ્લી જગ્યામાં રેઇડ કરતા પત્તા પાના પૈસા વડે હારજીતનો જુગાર રમતા કુલ ૧૦ ઇસમો (૧) યાસીન હુસેન મુર્તુજામીયા જાતે મલેક (૨) હૈદરહુસેન ઉર્ફે શાહરૂખ અબ્દુલકરીમ જાતે શેખ (૩) આબીદમીયા મુસ્તુફામીયા જાતે મલેક (૪) જમીરભાઇ ઉર્ફે કાલુ ઉર્ફે શાહરૂખ કવસરબેગ જાતે મીરજા (૫) મુજફ્ફરહુસેન મહંમદહુસેન જાતે મલેક (૬) અમાનુલ્લાખાન હબીબખાન જાતે પઠાણ (૭) મહંમદ હુસેન ઉર્ફે વસીમ પીરસાબમીયા જાતે મલેક (૮) સલીમમીયા ઉર્ફે સોમાભાઇ અમીરમીયા જાતે શેખ (૯) મોહમદતનવીર ઉર્ફે તન્નુ સાબીરહુસેન જાતે મલેક (૧૦) મહેબુબહુસેન નજીરમહંમદ જાતે મલેક તમામ રહે. મહુધા જી. ખેડા નાઓને અંગ જડતીમાંથી મળેલ રોકડા રૂપીયા ૧૧,૯૫૦/- તથા મોબાઇલ ફોન નંગ-૮ કિ.રૂ. ૪૨,૦૦૦/- તથા દાવ ઉપર થી મળેલ રોકડા રૂ. ૪૭૫૦/-તથા પત્તા પાના નંગ-૫૨ કી.રૂ.૦૦/૦૦ તથા એક ચાદર કી.રૂ.૦૦/૦૦-ની મળી કુલ્લે રૂ.૫૮,૭૦૦/- જુગાર રમવાના સાધનો સાથે મળી આવી પકડાઇ ગયેલ હોય તમામ વિરૂદ્ધ મહુધા પો.સ્ટે. જુગારા ધારા કલમ ૧૨ મુજબ પો.કો. વિનોદકુમાર નાઓએ ફરીયાદ આપેલ છે. આગળની વધુ તપાસ અ.હેડકો. રતેસિંહ એલ.સી.બી. ખેડા-નડીયાદ નાઓ કરી રહેલ છે.



# એસ.ઓ.જી. ખેડા-નડીયાદ

## પ્રેસ નોટ

### ઓઇલ ચોરીનો પર્દાફાશ કરતી નડીયાદ એસ.ઓ.જી.

પોલીસ અધિક્ષકશ્રી ખેડા નડીયાદ નાઓની સુચના અને માર્ગદર્શન અનુસાર પોલસ ઇન્સપેકટરશ્રી એસ.ઓ.જી.ની ટીમ મહેમદાવાદ પોલીસસ સ્ટેશન વિસતારમાં એસ.ઓ.જી. ચાર્ટર અંગેની કામગીરીમાં હતી તે દરમ્યાન સાથેના પો.કો. ત્રૃતુરાજસીંહ ગોપાલસીંહ બ.નં.૭૫૩ નાઓને બાતમી મળેલ કે એક ટેન્કર નંબર જીજે.૦૩-યુ-૫૫૩૬ માં ગુરકાયદેસર કાચા ક્રુડ ઓઇલનો જથ્થો લઇ અમદાવાદ તરફ જનાર હોવાની બાતમી હકીકત આધારે રાસ્કા સીમ અમદાવાદ રોડ ઉપર વોચ રાખી ઉપરોકત ટેન્કર સાથે ચાલકને પકડી પાડી ટેન્કરમાં ભરેલ ઓઇલ ૧૧,૦૦૦ લિટર કુલ્લે મુદ્દામાલ રૂ.૧૦,૪૩,૦૦૦/- નો કબજે લઇ આરોપીના ટેન્કરના ડ્રાઇવર ઘુઘાભાઇ માનજીભાઇ બારૈયા તથા કલીનર મજીદભાઇ ઉર્ફે મજલો મનુભાઇ બેલીમ બંને રહે. તળાજા, જી.ભાવનગર નાઓને પકડી અટક કરી પુછપરછ દરમ્યાન સદર ઓઇલ તેઓએ મહેમદાવાદ તાલુકાના મલાતજ ગામની સીમ સાદરા વેલ નં.૧ ઉપરથી ચોરી કરેલાની કબુલાત કરેલ છે.

